# કોંગ્રેસમાં એક સાથે ચાર રાજ્યોમાં નેતાઓની બગાવત

નવીદિલ્હી, તા. ૨૧

કોંગ્રેસમાં બગાવત તેની ચરમસીમાએ પહોંચી છે. હરિયાણા, આસામ, મહારાષ્ટ્ર સાથે સાથે જમ્મુ કાશ્મીરના કોંગ્રેસી નેતાઓ વર્તમાન નેતૃત્વ સામે અવાજ ઉઠાવી મેદાનમાં આવી ગયા છે. મહારાષ્ટ્રના વરિષ્ઠ કોંગ્રેસી નેતા નારાયણ રાણેએ મંત્રી પદેથી રાજીનામુ આપી દીધું છે તેવો આગામી વિધાનસભાની ચૂંટણીમાં પક્ષ દ્વારા મુખ્યમંત્રી પદના ઉમેદવાર જાહેર ન કરાતા નારાજ હતા. એવી જ રીતે હરિયાણા અને આસામમાં પણ સ્થિતિ કફોડી બની છે. હરિયાણામાં વિરેન્દ્રસિંહે વર્તમાન મુખ્યમંત્રી ભુપેન્દ્રસિંહ હુડાના નેતૃત્વમાં ચૂંટણી લડવાની સ્પષ્ટ ના પાડી દીધી છે તો આસામમાં શિક્ષણ મંત્રી હિમંતા બિસ્વાની આગેવાનીમાં ૩૦થી વધુ ધારાસભ્યો મુખ્યમંત્રી તરુણ ગોગોઈ સામે બગાવત કરી છે. કાશ્મીરમાં પણ કોંગ્રેસના પૂર્વ સાંસદ લાલસિંહે પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું છે. મહારાષ્ટ્ર સરકારના મંત્રી નારાયણ રાણેએ આજે પૃથ્વીરાજ ચવ્હાણને મળીને પોતાનું રાજીનામુ સોંપી દીધું હતું. ત્યારબાદ રાણેના ખુલ્લેઆમ પોતાની મુખ્યમંત્રી બનવાની મહત્વકાંક્ષા જાહેર કરી હતી.

તેમણે જણાવ્યું હતું કે, કોંગ્રેસ સાથે જોડાયાના છ મહિનામાં મને મુખ્યમંત્રી બનાવવાનું વચન અપાયું હતું. આ માટે મે નવ વર્ષ સુધી રાહ જોઈ. જો કે, તેનું મને કોઈ પરિણામ મળ્યું નથી જેથી હું હવે એવી પાર્ટીમાં રહેવા માંગતો નથી જે હારવા જઈ રહી છે. બીજી બાજુ હરિયાણામાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા બિરેન્દ્રસિંહ ચૌધરીએ મુખ્યમંત્રી ભુપેન્દ્રસિંહ હુડાના નેતૃત્વમાં ચૂંટણી લડવાની સ્પષ્ટ ના પાડી દીધી છે તો આસામમાં કોંગ્રેસના ૭૮માંથી ૩૦ ધારાસભ્યો મુખ્યમંત્રી તરુણ ગોગોઈની કાર્યપદ્ધતિથી નાખુશ છે. શિક્ષણ મંત્રી હિમંતા બિસ્વાના નેતૃત્વમાં આ ધારાસભ્યોએ ગોગોઈને મુખ્યમંત્રી પદેથી હટાવવાની માંગ કરી છે. બીજી બાજુ જમ્મુ કાશ્મીરમાં કોંગ્રેસના પૂર્વ સાંસદ લાલસિંહે પાર્ટીમાંથી રાજીનામુ આપી દીધું છે. સત્તારૂઢ નેશનલ કોન્ફરન્સ અને કોંગ્રેસનું ગઠબંધન તુટ્યાના કેટલાક કલાકો બાદ જ લાલસિંહે પાર્ટી છોડવાની જાહેરાત કરી હતી. તાજેતરની લોકસભાની ચૂંટણીમાં પાર્ટીએ તેમની જગ્યાએ ગુલામ નબી આઝાદને ટિકિટ આપી હતી જેનાથી તેઓ નારાજ હતા. લાલસિંહ પીડીપીમાં જોડાય તેવી પણ શક્યતાઓ વ્યક્ત કરાઈ રહી છે. જો કે, આ અંગે કોઈ સત્તાવાર જાહેરાત કરાઈ નથી.

## એએપી નેતા કેજરીવાલની ઉપરાજ્યપાલ સાથે બેઠક

નવીદિલ્હી, તા. ૨૧

દિલ્હીમાં સરકાર બનાવવાને લઈને ચાલી રહેલી અટકળો વચ્ચે અરવિંદ કેજરીવાલે આજે આમ આદમી પાર્ટીના ધારાસભ્યો સાથે ઉપરારાજ્યપાલ સાથે મુલાકાત કરી હતી. આ બેઠક બાદ આમ આદમી પાર્ટીના નેતા સોમનાથ ભારતીએ જણાવ્યું હતું કે, એલજી ઓફિસનું મોદીકરણ થઈ ગયું છે જ્યારે અન્ય એક આપ નેતા સૌરભ ભારદ્વાજે જણાવ્યું હતું કે, એલજી ભાજપના પ્રવક્તાની જેમ વાત કરી રહ્યા છે. અરવિંદ કેજરીવાલે જણાવ્યું હતું કે, જ્યારે અમે એલજીને પુછ્યું કે દિલ્હીમાં કયા ફોર્મ્યુલાથી સરકાર બનશે તો તેમની પાસે કોઈ જવાબ હતો નહીં. ત્યારબાદ કેજરીવાલ રાજઘાટ ઉપર બાપુની સમાધિએ પહોંચ્યા હતા. રાજઘાટ પર જતા પહેલા કેજરીવાલે ટ્વિટ કરીને જણાવ્યું હતું કે, ઉપરાજ્યપાલ હવે ભાજપના નેતાઓને ચર્ચા માટે બોલાવશે. જો ભાજપ સરકાર રચવા દાવો કરશે તો તેને બહુમત સાબિત કરવા જણાવાશે. ઉલ્લેખનીય છે કે, આમ આદમી પાર્ટીના નેતાઓએ ઉપરાજ્યપાલ સામે દિલ્હીમાં ઝડપથી ફરીથી ચૂંટણી કરાવવાની માંગ કરી છે. ઉપરાજ્યપાલ સાથે થયેલી આ બેઠક બાદ આપ નેતા મનિષ સિસોદિયાએ જણાવ્યું હતું કે, તેઓ અન્ય પાર્ટીઓ સાથે પણ વાતચીત કરશે. ત્યારબાદ પોતાનો રિપોર્ટ રાષ્ટ્રપતિને મોકલશે. ઉલ્લેખનીય છે કે, કોંગ્રેસના નેતાઓ આ પહેલા જ ઉપરાજ્યપાલ સાથે બેઠક કરી ચુક્યા છે ત્યારે ભાજપના નેતાઓ ઉપરાજ્યપાલને મળી સરકાર બનાવવાની સંભાવનાઓ અંગે ચર્ચા કરશે. સરકાર બનવા અંગે સર્વસંમતિ ન સધાતા વિધાનસભા ભંગનો નિર્ણય પણ લેવામાં આવે તેવી શક્યતા છે. ભાજપના પ્રદેશ અધ્યક્ષ સતીષ ઉપાધ્યાય પહેલા જ સ્પષ્ટ કરી ચુક્યા છે કે તેમની પાર્ટી બંને પ્રકારની પરિસ્થિતિ માટે તૈયાર છે. જો કે ભાજપની અંદર સરકાર બનાવવાને લઈને મતભેદ દેખાઈ રહ્યા છે.

## સ્વચ્છ ભારતના પ્રોજેક્ટને વર્ષ ૨૦૧૯માં પૂર્ણ કરવો અશક્ય

### પ્રોજેક્ટ માટે પુરતા નાણા અને મજુર નથી : દેશના ૧.૨૩ અબજ લોકો મૂળભૂત ટોઇલેટની સુવિધા ધરાવતા નથી

નવી દિલ્હી,તા. ૨૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હાલમાં વર્ષ ૨૦૧૯ સુધી સ્વચ્છ ભારતના પોતાના ડ્રીમ પ્રોજેક્ટની વાત કરી હતી. પરંતુ આ પ્રોજેક્ટને વર્ષ ૨૦૧૯ સુધી પૂર્ણ કરવાની બાબત શક્ય દેખાતી નથી. આના માટે અનેક કારણો જવાબદાર દેખાઇ રહ્યા છે. લેબર અને નાણાની ફાળવણીને જોતા આ બાબત શક્ય દેખાઇ રહી નથી. આ પ્રોજેક્ટ માટે રૂપરેખા તૈયાર કરવામાં લાગેલા ટોચના સરકારી અધિકારીઓ પણ આ વાત હવે કબુલે છે. તેમનુ કહેવુ છે કે તેઓ છેલ્લા હબે મહિનાથી કામમાં ાલાગેલા છે. રૂપરેખા તૈયાર કરવામાં આવી રહી છે. પરંતુ અનેક પ્રશ્ન રહેલા છે. સ્વચ્છ ભારતના મહત્વકાંક્ષી મિશન હેઠળ ૮૦૦ મિલિયન ટોઇલેટ બનાવવામાં આવનાર છે. સાથે સાથે ભારતને સ્વચ્છ ભારત બનાવવા માટે આધુનિક સેવેજ સિસ્ટમની જરૂર છે. આવી સ્થિતીમાં આ મહાકાય પ્રોજેક્ટ પૂર્ણ કરવામાં હજુ સમય લાગશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાષ્ટ્રપિતા મહાત્માં ગાંધીની વર્ષ ૨૦૧૯મા ૧૫૦મી જન્મજંયતિની ઉજવણી કરવામાં આવનાર છે. ત્યારે તેમને આ પ્રોજેક્ટ પૂર્ણ કરીને અંજલિ આપવામાં ઇચ્છુક છે. ડ્રિન્કિંગ વોટર એન્ડ સેનિટેશન મંત્રાલય દ્વારા તૈયાર કરવામાં આવેલી દરખાસ્ત સંકેત આપે છે કે પ્રોજેક્ટને પૂર્ણ કરવામાં વધારે સમય લાગશે. રાજકીય ઇચ્છાસક્તિ હોવાની સ્થિતીમાં પમ પ્રોજેક્ટ વધારે સમય લેશે. નાણા અને માનવીય સંશાધનો ખુબ મોટા પાયે આમાં રાખવા પડશે. મંત્રાલયના સુત્રોએ કહ્યું છે કે આગામી ૧૦ દિવસમાં મુસદ્દાની દરખાસ્ત પીએમઓને સોંપી દેવામાં આવનાર છે. આ પ્રોજેક્ટના ભાગરૂપે પ્રથમ વર્ષમાં જ ઓછામાં ઓચા ૨૦ મિનિયન ટોઇલેટ બનાવવા પડી શકે છે. પ્રોજેક્ટની સામે કેટલાક પડકારો રહેલા છે. સૌથી મોટો પડકાર લેબરની અછત છે. ટોઇલેટ બનાવવા અને તેને જાળવી રાખવા લેબરની જરૂર રહેસે. આ વર્ષના અંત સુધી ઓછામાં ઓછા ૨૦૦૦ કાર્યક્રમ હાથ ધરવામાં આવનાર છે. જે જનજાગૃતિ સાથે સંબંધિત રહેશે.

## વિજ્ઞાનના ક્ષેત્રમાં રોકાણના મામલે ભારત ખુબ પાછળ

મુંબઇ ,તા. ૨૧

તાજેતરમાં જારી કરવામાં આવેલા નવા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ભારત તેના નજીકના હરિફ દેશો ચીન , અમેરિકા અને દક્ષિણ કોરિયાની સરખામણીમાં વિજ્ઞાનના ક્ષેત્રમાં ખુબ ઓચુ રોકાણ કરે છે. આ તમામ દેશો ભારત કરતા વિજ્ઞાનના સંશોધનમાં વધારે નાણાંનો ઉપયોગ કરે છે. થિંક ટેન્ક દ્વારા જારી કરવામાં આવેલા અભ્યાસમાં ાદાવો કરવામાં આવ્યો છે કે ભારત વિજ્ઞાનના સંશોધન પાછળ જીડીપીના ૦.૮૮ ટકા રકમનુ રોકાણ કરે છે. જ્યારે અમેરિકા તેના જીડીપીના ૭-૮ ટકા અને દક્ષિણ કોરિયા ૩-૪ ટકા રકમનુ રોકાણ કરે છે. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ભારતના આરએન્ડડી પૈકી ૨૫ ટકા રકમ મૂળભૂત સંશોધનમાં ખર્ચ કરવામાં આવે છે. ચીન મૂળભૂત સંશોધન પર માત્ર પાંચ ટકા રકમ ખર્ચ કરે છે. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ભારતમાં થિયેરી આધારિત શિક્ષણ પ્રેકટિકલ વિશ્વ કરતા અલગ છે. ભારતના વિજ્ઞાન અને એન્જિનિયરિંગ પીએચડી લોકો પણ પાછળ રહી ગયા છે. ઓબ્જર્વર રિસર્ચ ફાઉન્ડેશનના અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે અન્ય દશોની સરખામણીમાં ભારત વિજ્ઞાનના ક્ષેત્રમાં પાછળ છે.

ઓઆરએફ ચેરમન સુરિન્દ્ર કુલકર્ણીએ કહ્યું હતું કે ડિગ્રી સર્ટિફિકેટ અને એજ્યુકેશન વચ્ચે ખુબ અંતર છે. જેના લીધે સમસ્યા ઉભી થાય છે. ભારતમાં વિજ્ઞાનના ક્ષેત્રમાં રોકાણની રકમ વધે અને વધુને વધુ પ્રાથમિકતા આને આપવામાં આવે તે જરૂરી છે. વિશ્વના દેશો હવે વિજ્ઞાનને વધુ પ્રાથમિકતા આપી રહ્યા છે. અલબત્ત ભારતમાં પણ આને હવે પહેલા કરતા વધારે મહત્વ આપવામાં આવી રહ્યું છે પરંતુ તેમાં વધારે ધ્યાન આપવાની જરૂર છે.

## ઇઝરાયેલના હુમલામાં મોતનો આંકડો ૫૦૦થી ઉપર

ગાઝા, તા.૨૧

ઇઝરાયેલ સેનાએ પોતાના હુમલાની કાર્યવાહી યથાવત રાખતા હમાસના વધુ ૧૦ આતંકવાદીઓને ઠાર કર્યા છે. સૈન્યના અધિકારીઓના જણાવ્યા મુજબ આ આતંકવાદીઓ સુરંગના માફરતે ગાઝાપટ્ટીથી ઇઝરાયેલમાં દાખલ થવા પ્રયત્ન કરી રહ્યા હતા. આ સાથે જ ઇઝરાયેલી હુમલાઓમાં મરનાર વ્યક્તિઓનો આંકડો ૫૦૦ને પણ પાર કરી ચુક્યો છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘની સુરક્ષા પરિષદની ચેતવણી છતાં ઇઝરાયેલી વિમાનો અને ટેન્કોએ ગાઝાપટ્ટી પર હુમલા યથાવત રાખ્યા છે. મિશ્રની દક્ષિણી સરહદ સાથે જોડાયેલ ગાઝાપટ્ટી વિસ્તારમાં ઇઝરાયેલી સેનાએ રોકેટ વડે હુમલો કરી એક જ પરિવારના ૨૫ વ્યક્તિઓને મોતને ઘાટ ઉતારી દીધા હતા. આ ઉપરાંત ખાન યુનુસ નજીકના ઘરો ઉપર રોકેટ વડે હુમલો કરી અન્ય ૧૦ વ્યક્તિઓની હત્યા કરી છે. આઠમી જુલાઈથી શરૂ થયેલા આ ખુની સંગ્રામમાં મરનાર વ્યક્તિઓમાં મોટાભાગના નિર્દોષ નાગરિકો છે. બીજી બાજુ ઇઝરાયેલનો દાવો છે કે, તેના બે નાગરિકો સહિત કુલ ૧૮ સૈનિકોના મૃત્યુ નિપજ્યા છે. હમાસની સશસ્ત્ર શાખાના બ્રિગેડિયર પ્રવક્તા અબુ ઉમેદે જણાવ્યું છે કે, તેમણે એક ઇઝરાયેલી સૈનિકને બંધક બનાવ્યો છે. આ સૈનિકનું નામ સઉલ અરોન છે અને તેને અરોનનો ઓળખ નંબર પણ જણાવ્યો છે. દરમિયાન ન્યુયોર્કમાં ઇઝરાયેલ-પેલેસ્ટાઇન વિવાદમાં મૃત્યુને ભેટી રહેલ નિર્દોષ નાગરિકોનો મુદ્દો સિક્યુરિટી કાઉન્સિલની મિટિંગમાં ઉઠવવામાં આવ્યો હતો. ૧૫ સભ્યોની આ કાઉન્સિલના મોટાભાગના લોકોએ હુમલામાં મૃત્યુને ભેટી રહેલ સામાન્ય નાગરિકો અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

**ઉત્તરપ્રદેશના રાજ્યપાલનું વિવાદાસ્પદ નિવેદન**

## રેપને ભગવાન પણ અટકાવી શકે તેમ નથી : અઝિઝ કુરેશી

લખનૌ, તા. ૨૧

ઉત્તરપ્રદેશમાં એક બાજુ બળાત્કાર અને હત્યા જેવી ઘટનાઓ અટકવાનું નામ નથી લઈ રહી ત્યારે બીજી બાજુ સત્તા પર બેઠેલા બિનજવાબદાર લોકોના ફાલતુ નિવેદનો પણ અટકવાનું નામ નથી લેતું. જેમના હાથમાં કાયદો બનાવવાની અને લાગૂ કરવાની શક્તિ છે તે જ નેતાઓ બળાત્કારને ભગવાન પણ રોકી શકે તેમ નથી તેવા ફાલતુ નિવેદનો કરી પોતાની નબળી માનસિકતા પ્રગટ કરી રહ્યા છે. અત્યાર સુધી ફાલતુ નિવેદનો માત્ર પાર્ટીના નેતાઓ તરફથી આવતા હતા. જો કે, હવે આ યાદીમાં રાજ્યપાલ જેવા મહત્વના હોદ્દા પર બેઠલી વ્યક્તિઓ પણ જોડાઈ ગઈ છે. ઉત્તરપ્રદેશના રાજ્યપાલ અઝિજ કુરેશીએ જણાવ્યું હતું કે, બળાત્કારને ભગવાન પણ રોકી શકે તેમ નથી. ભલે ને તમે તેને અટકાવવા સમગ્ર પોલીસ અને સેનાને કામે લગાડી દો. લખનૌના મોહનલાલગંજમાં મહિલા સાથે બળાત્કાર બાદ સમાજવાદી પાર્ટીના સુપ્રીમો મુલાયમસિંહે જણાવ્યું હતું કે, ઉત્તરપ્રદેશ દેશનું એવું રાજ્ય છે જ્યા સૌથી ઓછા બળાત્કાર થાય છે. તેમણે ઉમેર્યુંહતું કે, રાજ્યમાં ૨૧ કરોડ લોકો વરસાટ કરે છે. આવી સ્થિતિમાં અપરાધને સંપૂર્ણરીતે કાબૂમાં લેવો શક્ય નથી. મુલાયમસિંહ અનેક વખત બળાત્કાર મુદ્દે ફાલતુ નિવેદનો આપી ચુક્યા છે. જો કે, આ વખતે એક રાજ્યપાલે આવું નિવેદન આપ્યું છે. રાજ્યપાલના પદને રાજકીય પાર્ટીઓથી ઉપર માનવામાં આવે છે. તેઓ રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર નજર રાખે છે. આ ઉપરાંત ત્યાનો મુખ્યમંત્રી અને સરકાર યોગ્ય રીતે કામ કરે છે કે નહીં તેની દેખરેખ રાખે છે પરંતુ ઉત્તરપ્રદેશના રાજ્યપાલ અઝિજ કુરેશીએ ઉત્તરપ્રદેશમાં મહિલાઓ સામે વધતા જતા અત્યાચારને રોકવા કડક પગલા ઉઠાવવાની જગ્યાએ ઉલ્ટાનુંબળાત્કારને ભગવાન પણ રોકી શકે તેમ નથી એવા ફાલતુ નિવેદન કરી મહિલાઓની હિંમત તોડવાનું કામ કર્યું છે.

## સમાચાર ઝલક

- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દેશની પંચાયતો સાથે સીધો સંવાદ કરશે.
- દેશમાં પુરૂષોની સરખામણીમાં ૨૯ ટકા મહિલાઓ આર્થિક રીતે સક્રિય.
- ભારતીય અભિનેત્રીઓમાં હાલ કેટરીના કૈફ સૌથી મોખરે.
- ઉત્તરાખંડમાં ભારે વરસાદના કારણે ઠેર ઠેર ટ્રાફિક જામની સ્થિતિ.
- દેશની ટોપ ૮ કંપનીઓની મુડીમાં ૭૨૨૫૯ કરોડનો ધરખમ વધારો.
- બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના પ્રમુખપદે શ્રી મનોજ એનડકટની સર્વાનુમતે વરણી.
- સર્વેક્ષણમાં બહાર આવેલી વિગતોમાં મોંઘવારી વધતાં છુટાછેડાનું પ્રમાણ પણ વધ્યું. આઠમાંથી પાંચ કેસમાં કારણ મોંઘવારી.
- રશિયા સામે પ્રતિબંધ મુકવા યુરોપિયન દેશની તૈયારી.
- વર્ગ-૧-૨ ની ૩૫૧ જગ્યા સામે ૪૩૪૦૦૦ ઉમેદવારો.
- જમ્મુ ક્ષેત્રની સરહદે બીએસએફના ૨૦૦૦ જવાનો ગોઠવાયા.
- સુરતમાં ૧૦ કરોડમાં ઉઠી ગયેલા હીરાના ત્રણ વેપારીઓ. બજારમાં મંદી.
- વડોદરામાં નજીવી બાબતે તોફાનો ફાટી નીકળ્યા. ૩૫ વાહનોને તોડફોડ કરી સળગાવ્યા. વરસાદે પરિસ્થિતિ કાબુમાં લીધી.
- ધર્મ પરિવર્તન કરો, જકાત ભરો અથવા મોત માટે તૈયાર રહો-ઈરાકી બળવાખોરો.
- જેટલી શિષ્યવૃત્તિ મળો તેટલો જ ખર્ચ થાય છે. વિદ્યાર્થીઓ અને વાલીઓમાં કચવાટ.
- બાલાજી વેફર્સના મેનેજરે દંડ ન ભરતાં વલસાડ જેલમાં.
- ઓખામાં આવેલ દેશનું એક માત્ર મરીન નેશનલ પાર્ક પર તોળાતું જોખમ. કેમીકલ ઠલવાતાં જીવસૃષ્ટિનો નાશ.
- સુરતના હવાલા કૌભાંડના ૧૫૦૦ કરોડ સોનાની દાણચોરીમાં વપરાતા જવેલર્સો પર તવાઈ.
- ફિલીપાઈન્સમાં બીજું વાવાઝોડું ત્રાટકવાની આગાહી.
- મુંબઈની દેનાબેંકમાં બ્રાન્ચ મેનેજરે ૨૫૦ કરોડનું કૌભાંડ આચર્યું. સી.બી.આઈ.ની તપાસ શરૂ.
- હાલ ટોલટેક્ષ ગેરકાયદે છે તે બાબતની જાહેર હીતની અરજી ગુજરાત હાઈકોર્ટમાં.
- સર્વ શિક્ષા અભિયાનમાં નવી યોજના અમલમાં. પ્રાથમિક શાળાના બાળકોને સ્કુલે જવા મફત વાહન વ્યવહારની સગવડ મળશે.

## લોડ્ઝમાં ૨૮ વર્ષ બાદ ટીમ ઈન્ડિયાનો વિજય

લંડન, તા. ૨૧

ક્રિકેટના કાંશી ગણતા લોડ્ઝના ઐતિહાસિક મેદાનમાં યજમાન ઈંગ્લેન્ડને પછાડીને ટીમ ઈન્ડિયાએ વિજય પતાકા લહેરાવી છે. બીજી ટેસ્ટ મેચમાં આજે પાંચમા અને છેલ્લા દિવસે લંચ બાદના સત્રમાં યજમાન ટીમને ૨૨૩ રનમાં ઓલાઉટ કરીને ભારતે મેચ ૯૫ રને જીતી લીધી હતી. ઈંગ્લેન્ડ સામે મેચ જીતવા ભારતે ૩૧૯ રનનો લક્ષ્યાંક આપ્યો હતો પરંતુ બીજી ઈનિંગ્સમ અંગ્રેજ ટીમ માત્ર ૨૨૩ રન બનાવી તંબુ ભેગી થઈ ગઈ હતી. ઈંગ્લેન્ડની બીજી ઈનિંગ્સમાં કમરતોડવામાં મહત્વની ભૂમિકા ઈશાંત શર્માએ ભજવી હતી. ઈશાંત શર્માએ બીજી ઈનિંગ્સમાં ૭૪ રન આપી સાત વિકેટ ઝડપી હતી. ટેસ્ટ કારકીર્દીમાં ઈશાંત શર્માનો આ શ્રેષ્ઠ દેખાવ છે. આ પહેલા તેણે તેનો શ્રેષ્ઠ દેખાવ ૫૧ રનમાં છ વિકેટનો હતો. ઈશાંત શર્માને આ શાનદાર પ્રદર્શન બદલ મેન ઓફ દ મેચ જાહેર કરવામાં આવ્યો હતો. આ ઐતિહાસિક જીત સાથે જ ટીમ ઈન્ડિયાએ પાંચ ટેસ્ટ મેચની શ્રેણીમાં ૧-૦ની સરસાઈ મેળવી લીધી છે. હવે



ત્રીજી ટેસ્ટ ૨૭મી જુલાઈથી રમાશે. આ પહેલા લોડ્ઝના મેદાન પર ભારતે છેલ્લે ૧૯૮૬માં એક માત્ર ટેસ્ટ વિજય મેળવ્યો હતો. ત્યારે હવે ધોનીની આગેવાનીમાં ૨૮ વર્ષ બાદ લોડ્ઝ ફતેહ કરી ટીમ ઈન્ડિયાએ જીતના દુકાળનો અંત લાવી દીધો છે. ઈંગ્લેન્ડની ટીમે ગઈકાલના ચાર વિકેટે ૧૦૫ રનના દાવને આગળ ધપાવતા જો રૂટ અને મોઈન અલીની જોડીએ બે કલાક સુધી ભારતીય બોલરને હંફાવ્યા હતા. ભારતને છેક લંચ પૂર્વેના અંતિમ બોલમાં પ્રથમ સફળતા મળી હતી. ઈશાંત શર્માએ અલીને ચેતેશ્વર પુજારાના હાથમાં ઝીલાવી દીધો હતો. ઈંગ્લેન્ડની આ પાંચમી વિકેટ ૧૭૩ રનના સ્કોર પર પડી હતી. મોઈન અલીએ જોરૂટ સાથે પાંચમી વિકેટની ભાગીદારીમાં ૧૦૧ રન બનાવ્યા હતા. આ ભાગીદારીનો અંત આવતા જ ઈંગ્લેન્ડના પતનની શરૂઆત થઈ હતી. ઈશાંત શર્માના આતંક સામે ઈંગ્લેન્ડની ટીમ ૨૨૩ રન બનાવી તંબુ ભેગી થઈ ગઈ હતી. આ સાથે જ ભારતે ૨૮ વર્ષ બાદ લોડ્ઝના ઐતિહાસિક મેદાનમાં પોતાની વિજય પતાકા લહેરાવી છે.

## કારોબારના પ્રથમ દિવસે બજારમાં તેજીનો માહોલ

મુંબઈ, તા. ૨૧

શેરબજારમાં સપ્તાહના પ્રથમ દિવસે જ તેજી સાથે કારોબાર જોવા મળ્યો હતો. સેંસેક્સ આજે દિવસના કારોબારના અંતે ૭૩.૬૧ વધીને ૨૫૭૧૫.૧૭ની સપાટીએ બંધ રહ્યો હતો જ્યારે ૨૦.૩૦ પોઈન્ટ વધીને ૭૬૮૪.૨૦ની સપાટીએ બંધ રહ્યો હતો. મુંબઈ સ્ટોક એક્સચેંજના ૩૦ શેરોમાં નોંધાયેલ તેજીના કારણે સેંસેક્સે આજે ૧૩૪.૯૮ પોઈન્ટના ઉછાળા સાથે ૨૫૭૫૪ની સપાટીએ ખુલ્યો હતો અને ૭૩.૬૧ પોઈન્ટ એટલે કે ૦.૨૯ ટકાની તેજી સાથે ૨૫૭૧૫.૧૭ની સપાટીએ બંધ રહ્યો હતો. દિવસભરના કારોબાર દરમિયાન સેંસેક્સ ઉપરમાં ૨૫૮૬૧.૧૫ની સપાટી તેમજ નીચામાં ૨૫૬૭૭.૭૧ની સપાટીએ પહોંચ્યો હતો. બીજી બાજુ નેશનલ સ્ટોક એક્સચેંજ ૫૦ શેરમાં નોંધાયેલ ઉછાળાના પગલે ૩૭.૭૫ પોઈન્ટની તેજી સાથે ૭૭૦૧.૬૫ની સપાટીએ ખુલ્યો હતો અને ૨૦.૩૦ પોઈન્ટ એટલે કે, ૦.૨૬ ટકાની તેજી સાથે ૭૬૮૪.૨૦ની સપાટીએ બંધ રહ્યો હતો. દિવસભરના કારોબાર દરમિયાન નિફ્ટી ઉંચામાં ૭૭૨૨.૧૦ અને નીચામાં ૭૬૭૪.૦૦ની સપાટીને સ્પર્શ્યો હતો.

## ઇચ્છા મૃત્યુ : સુપ્રીમ કોર્ટમાં નિવેદન કરવા તબીબ ઉચ્છુક

નવી દિલ્હી,તા. ૧૭

ઈચ્છા મૃત્યુના અધિકારને લઈને ફરી એકવાર ચર્ચા છેડાઈ ગઈ છે. સુપ્રીમ કોર્ટે આ સંદર્ભમાં તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને નોટિસ આપીને અભિપ્રાય માંગ્યા બાદ હવે ઈન્ડિયન સોસાયટી ઓફ ક્રિટિકલ કેર મેડિસિન દ્વારા સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી દીધી છે અને સુપ્રીમમાં જુબાની આપવાની ઈચ્છા વ્યક્ત કરી છે. એક પાર્ટી તરીકે તેને ગણવા માટે કહેવામાં આવ્યું છે. આ કેસની આગામી સુનાવણી વેળા આ મામલો હાથ ધરવામાં આવશે. તબીબો અને દર્દીઓ વચ્ચે હાલમાં જોરદાર ચર્ચા ચાલી રહી છે. તબીબ તરીકે દર્દીઓના અધિકાર જતા કરવા જોઈએ નહીં. તેમની ઈચ્છા મુજબ મૃત્યુના અધિકારને લઈને ખુબ દુવિધાભરી સ્થિતિ છે. સુપ્રીમ કોર્ટે કોઈ સારવાર ન થઈ શકે તેવી બિમારીથી ગ્રસ્ત વ્યક્તિ દ્વારા મેડિકલના સાધન પર જીવનને લાંબુ ખેંચવાનો ઈન્કાર કરીને ઈચ્છામૃત્યુની પસંદગી કરવાને કાયદાકીય માન્યતા આપવાના પ્રશ્ન પર હવે તમામ રાજ્યો અને કેન્દ્ર શાષિત પ્રદેશોને નોટીસ આપીને તેમના અભિપ્રાય માંગ્યા છે. કેન્દ્રએ આનો જોરદાર વિરોધ કર્યો છે અને કહ્યું છે કે ઈચ્છામૃત્યુ એક પ્રકારે આત્મહત્યા છે. આની મંજૂરી આપવી જોઈએ નહી. ચીફ જસ્ટીસ આરેમ લોઢાના નેતૃત્વમાં પાંચ સભ્યોની બંધારમીય બેંચે ઈચ્છામૃત્યુ ના પ્રશ્ન પર વિચાર માટે સહમતિ વ્યક્ત કરીને કહ્યું છે કે આ મામલે રાજ્યોના મતને મેળવી લેવામાં આવે તે જરૂરી છે. કારણ કે આ માત્ર બંધારણ સાથે જ નહી બલ્કે નૈતિકતા, ધર્મ, અને તબીબી વિજ્ઞાન સાથે જોડાયેલો મામલો છે. જો કે કેન્દ્ર સરકારે પ્રથમ વખત જ આનો જોરદાર વિરોધ કર્યો છે અને કહ્યું છે કે આને કાયદાકીય માન્યતા આપી શકાય નહી. કારણ કે આ આત્મહત્યા સમાન છે. દેશમાં આત્મહત્યા એક અપરાધ છે.